જેને ગુપ્ત વાત જાણવા મળી હોય, તે પેટમાં જ રાખે તે માણસ મિત્ર બનાવવાને યોગ્ય છે
- કવિ ગંગ

આપણું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૧૯ | ૮ જુલાઇ ૨૦૧૨, રવિવાર, અષાઢ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# મનપા ઓગષ્ટથી મિલ્કત વેરાની વસુલાત કરશે

## સૂનાવણીની કામગીરી સંપન્ન થઈ જતાં હવે આખરી તબક્કાની કામગીરી હાથ ધરાઈ : વસુલાત માટેનો સંપૂર્ણ તખ્તો તૈયાર કરવાની કવાયત પણ સંપન્ન થઈ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ઓગષ્ટ માસથી મિલ્કત વેરાની વસુલીની કાર્યવાહી હાથ ધરી શકાય તે અંગેની કવાયત વેગીલી બનાવી છે.

મિલ્કતવેરાની આકારણીના રજીસ્ટરો પ્રકાશિત કરાયા બાદ તે અંગેના વાંધા. સૂચનો પણ મેળવી લેવાયા હતા અને તેની સુનાવણીની કામગીરી પણ સંપન્ન થઈ ગઈ છે. સુનાવણી દરમ્યાન મળેલ વાંધા અરજીઓ પૈકીની કેટલીક અરજીઓ પર આખરી નિર્ણય એકાદ સપ્તાહમાં લેવામાં આવે તેવી શક્યતાઓ છે.

આ પછી આકારણી રજીસ્ટરોના આધારે બિલો તૈયાર કરવામાં આવશે. ૫૦ હજાર જેટલી મિલ્કતોના વેરાના બિલ કોમ્પ્યુટરની મદદથી તૈયાર કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

આ પછી ઓગષ્ટના પ્રથમ પખવાડિયામાં આ બિલોનુ વિતરણ કરી દેવામાં આવે તે રીતે આખુ આયોજન તૈયાર કરવામાં આવી રહ્યુ છે. ઓગષ્ટ માસથી જ આ બિલોની વસુલી પણ સાથોસાથ શરૂ કરવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગર શહેરમાં મિલ્કત વેરાની વસુલી અંગે રાજ્ય સરકારે માર્ચમાં આપેલી મંજુરી પણ પાલિકા દ્વારા આ અંગેનો તખ્તો તૈયાર કરાયો હતો.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ૧-૪-૨૦૧૧ થી અપાયેલી આ મંજૂરીને કારણે એક સાથે બે વર્ષના બિલો આપી મિલ્કત વેરાની વસુલી કરવામાં આવશે. મિલ્કત વેરાની વસુલી દ્વારા તંત્રને રૂ. ૨૫ થી ૩૦ કરોડની આવક થવાના અંદાજો છે.

મિલ્કતવેરા માટેના બિલો માટે સોફ્ટવેરની પણ ખરીદી કરી લેવામાં આવી છે. આમ ગાંધીનગર શહેરનો જન્મ દિવસ પણ ઓગષ્ટમાં આવે છે અને શહેરમાં પહેલીવાર મિલ્કતેવરાની વસુલી પણ ઓગષ્ટમા ંથશે જે એક યોગાનુયોગ છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આ મિલ્કતવેરાની વસુલી માટે હાલ કોર્પોરેશનના જનસેવા કેન્દ્ર ખાતે જ કાઉન્ટર શરૂ કરવામાં આવશે. કોર્પોરેશન દ્વારા આ અંગેની લગભગ કવાયતો તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકી છે.

# ગાંધીનગર મનપાને કરાતા અન્યાય સામે લોકમત જગાવાશે

## શહેરી વિસ્તારના પ્રશ્નો અંગે કોંગ્રેસ સોમવારથી આંદોલન કરશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગરપાલિકાની રચનાને એક વર્ષ કરતાં પણ વધુ સમય થઈ ગયો હોવા છતાં સત્તા સોંપણી કરવામાં નહિ આવતી હોવાનો તેમજ કોર્પોરેશનને બેસવા માટે જગ્યાની ફાળવણી પણ નહિ કરીને કરવામાં આવી રહેલા અન્યાય સામે લોકમત ઉભો કરવા માટે કોંગ્રેસ પક્ષ દ્વારા ધરણા અને દેખાવોનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

આ કાર્યક્રમમાં કોંગ્રેસના કાઉન્સીલરો ઉપરાંત કાર્યકરો તેમજ પ્રદેશના નેતાઓ જોડાશે.

શહેરના વિવિધ વણ ઉકલ્યા પ્રશ્નો અંગે સોમવારથી શહેર કોંગ્રેસ સમિતિ અને કોર્પોરેશન કોંગ્રેસ પક્ષ દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમોનો આરંભ કરાશે.

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી મુકેશ પટેલની અધ્યક્ષતામાં આજે મળેલ કોર કમિટીની બેઠકમાં આ આંદોલનાત્મક કાર્યક્રમોને આખરી ઓપ આપી દેવામાં આવ્યો હતો.

કોર્પોરેશન પક્ષના નેતાશ્રી ચીમનભાઈ વિંઝુડાએ આજે જણાવ્યું હતું કે નવમી જુલાઈથી શરૂ થઈ રહેલા આ કાર્યક્રમના પ્રારંભે અત્રે શહેરમાં સુવિધાઓને લઈ મ્યુનિ. કમિશનરશ્રી સી.આર. ખરસાણને આવેદન-પત્ર આપીશુ. જેમાં શહેરના વણઉકલ્યા પ્રશ્નોનો ઉલ્લેખ કરવામાં આવશે.

આ પછી બીજા તબક્કામાં અર્થાત બુધવારે અત્રે લોકોને હજુ સુધી બારકોડેડ રેશનકાર્ડ મળ્યા નથી તેમજ જે પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત અપાયા છે તેમાં રહેલી ક્ષતિઓ સહિતના પ્રશ્નોને લઈ જિલ્લા પુરવઠા અધિકારીને આવેદનપત્ર આપીશુ.

શુક્રવારે અમે જિલ્લા કલેક્ટર શ્રી સ્વરૂપને મળી કોર્પોરેશનને સત્તા સોંપણી, બેસવા માટે વધુ જગ્યાની ફાળવણી, શહેરમાં વધતા જતા દબાણો જેવા મુદ્દાઓને આવરી લઈ આવેદન-પત્ર આપવામાં આવશે.

આવુ જ એક આવેદન-પત્ર કાયદો અને વ્યવસ્થાના મુદે જિલ્લા પોલીસ વડાને પણ આપવામાં આવશે. જેમાં અછોડા તોડવાના બનાવો, ઘરફોડચોરીના વધતા બનાવો સહિતની બાબતોને આવરી લેવામાં આવશે.

શ્રી મુકેશ પટેલ અને શ્રી વિંઝુડાએ જણાવ્યુ હતુ કે કોર્પોરેશનને સત્તા સોંપણીની માંગ સાથે ધરણા અને દેખાવો યોજવા માટેનું આયોજન પણ કરવામાં આવી રહ્યું છે.



વર્ષારાણીનું છમછમ આગમન... શનિવારે સવારે વરસાદનું હળવું ઝાપટું ગાંધીનગરમાં વરસ્યું હતું.... સવારના ભાગમાં વરસાદનો આરંભ થતાં આશા બંધાઈ હતી કે આખો દિવસ મૂશળધાર વરસાદ પડશે પરંતુ આશા ઠગારી નિવડી.... રોજ સવારે વાદળો ઘેરાય છે... પરંતુ ત્રણ-ત્રણ દિવસથી વરસતા નથી. ચોમાસુ જામે એની સૌ કોઈ રાહ જોઈ રહ્યા છે. હવામાન શાસ્ત્રીઓ, જ્યોતિષ શાસ્ત્રીઓ અને કેટલાક અભ્યાસુ એમ કહે છે કે મોડામાં મોડું ૯મી બપોર સુધીમાં ચોમાસું સક્રિય બનવું જોઈએ... ભગવાન સૌની આગાહી સાચી પાડે એવી પ્રાર્થના.... (તસવીર : દિપક જાની)

ભેજ?
કલર કામમાંથી મૂક્તિ
1 રૂમ દિવસમાં
ઉચ્ચ ગુણવત્તા સાથે મનપસંદ રંગોમાં તૈયાર
પંડિતજી માર્બલ પ્લાસ્ટર
૯૪૨૭૬ ૨૭૩૧૮
૯૬૬૨૩ ૫૯૧૧૩

બંગલો વેચવાનો છે
3 BHK કોર્નર બંગલો - બે માળ, સરગાસણ ચોકડી (હડમતીયા) પ્લોટ એરિયા ૧૯૦ વાર, બાંધકામ-૨૨૨ વાર, શ્રીરંગ પાર્ક સોસાયટી, પ્લોટ નં. ૧૬૨
મો. : ૯૮૭૯૯ ૭૮૯૯૮

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬







